ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સ્પેશિયલ પોક્સો કોર્ટનો સીમાચિહ્નરૂપ ચુકાદો | મુખ્ય આરોપીને બચાવવા રચાયેલા કાવતરાનો પર્દાફાશ

નડિયાદમાં ખંડણી માંગનારા 'નકલી પોલીસ' સહિત પાંચને પાંચ વર્ષની કેદ

દુષ્કર્મ પીડિતાના બીભત્સ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે એક અત્યંત સંવેદનશીલ કેસમાં કાયદાનું ભાન કરાવતો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. એક દુષ્કર્મ પીડિતા સગીરાના બીભત્સ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી, તેના પરિવાર પાસેથી પૈસા પડાવવાનો પ્રયાસ કરનાર 'નકલી મહિલા પોલીસ' સહિત પાંચ આરોપીઓને કોર્ટે પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસમાં કોર્ટે આરોપીઓની શાન ઠેકાણે લાવવા માટે કુલ રૂ. 35,500નો દંડ પણ ફટકાર્યો છે.

આ ઘટનાની વિગતો મુજબ, વર્ષ 2020માં મનીષભાઈ પરમાર નામના શખ્સે એક સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું અને તેના વીડિયો ઉતારી લીધા હતા. આ મુખ્ય આરોપીને જેલમાંથી બચાવવા માટે તેની બહેન સ્નેહલ મહેશ પરમાર (રહે.ચાંગા)એ પેનડ્રાઈવ અન્ય સાગરીતોને આપી પીડિતાના પરિવારને ડરાવવાનું કાવતરું રચ્યું હતું. આ શખસોએ પીડિતાના પરિવારને ધમકાવીને ફરિયાદ પાછી ખેંચવા અથવા પૈસા આપવા માટે દબાણ કર્યું હતું.

કોણ-કોણ આરોપી ?

ધવલ રાજેશભાઈ પટેલ (રહે. વિદ્યાનગર), ભાવનાબેન રમેશભાઈ માછી (રહે. હરિઓમનગર, વિદ્યાનગર), શાહરૂખ શબ્બીરખાન પઠાણ (રહે. બાકરોલ), મહેન્દ્રભાઈ ઉર્ફે માહી સોહનરાજ સંઘવી (રહે. અમદાવાદ) અને સ્નેહલ મહેશ પરમાર (મુખ્ય આરોપીની બહેન) (રહે. ચાંગા)

નડિયાદના સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં આ કેસ ચાલવા પર આવ્યો હતો. સરકારી વકીલ પ્રેમ આર. તિવારીએ ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટે 19 જેટલા દસ્તાવેજી પુરાવા અને 5 સાક્ષીઓની મજબૂત જુબાનીને ગ્રાહ્ય રાખીને પાંચેય આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યાં હતાં.

પીડિતાના પરિવારની હિંમતથી પર્દાફાશ થયો

ભાવના માછી 'નકલી પોલીસ' બની ખંડણી માંગવા પહોંચી હતી. આ કેસનો સૌથી ચોંકાવનારો પાસું એ હતું કે, આરોપી ભાવનાબેન માછીએ પીડિતાના પરિવારને ફસાવવા માટે 'નકલી પોલીસ'નો સ્વાંગ રચ્યો હતો. ૧૫મી જૂન ૨૦૨૧ના રોજ તે પીડિતાના ઘરે ગઈ હતી અને પોતાની ઓળખ 'મહિલા પોલીસ અને સોશિયલ મીડિયા હેડ' તરીકે આપી હતી. તેણે સત્તાનો રોફ જમાવીને ધમકી આપી હતી કે જો રૂપિયા નહીં આપો તો તે વીડિયો વાયરલ કરી દેશે. જોકે, પીડિતાના પરિવારે હિમત દાખવી પોલીસ ફરિયાદ કરતા આ આખા કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

કઈ કલમો હેઠળ નોંધાયો હતો ગુનો?

નડિયાદ ટાઉન પોલીસે આ મામલે આઈપીસી કલમ ૩૮૪ (ખંડણી), ૩૫૪ સી, ૧૭૦ (સરકારી સેવક તરીકે ખોટી ઓળખ આપવી), ૧૧૪ તેમજ પોક્સો એક્ટ અને આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

નોકરીની સુરક્ષા અને ટેટમાંથી મુક્તિ માટે શિક્ષકોનો હલ્લાબોલ

વર્ષ ૨૦૧૦ પહેલાં નિમણૂક પામેલા શિક્ષકોના હકો બચાવવા મેદાને પડ્યું શૈક્ષિક મહાસંઘ

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૮

નડિયાદ સ્થિત કલેક્ટર કચેરી ખાતે ખેડા જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા વિશાળ સંખ્યામાં શિક્ષકોએ એકઠા થઈ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વર્ષ ૨૦૧૦ પહેલાં સેવામાં જોડાયેલા શિક્ષકો માટે શિક્ષક પાત્રતા પરીક્ષાની ફરજિયાતતા દૂર કરવા અને તેમની નોકરીની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ખેડા જિલ્લા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના નેજા હેઠળ આયોજિત કાર્યક્રમમાં ૫૦૦થી વધુ શિક્ષકોએ સૂત્રોચ્ચાર કરીને રોષ ઠાલવ્યો હતો. રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષણ પરિષદની ૨૦૧૦ની અધિસૂચના અને મે ૨૦૨૬ના સર્વોચ્ચ અદાલતના ચુકાદાને કારણે વર્ષ ૨૦૧૦ પહેલાં કાયદેસર રીતે નિમણૂક પામેલા લાખો શિક્ષકોની નોકરી અને સિનિયોરિટી પર જોખમ ઊભું થયું છે. શિક્ષકોની દલીલ છે કે કોઈપણ નવી નીતિ કે નિયમ પૂર્વલક્ષી અસરથી લાગુ કરવો એ કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે. જે-તે સમયે પ્રવર્તમાન નિયમો મુજબ નિમણૂક પામેલા શિક્ષકોને હવે દાયકાઓ પછી નવી લાયકાત સાબિત કરવા દબાણ કરવું અયોગ્ય છે.

આ સાથે માગણી કરી હતી કે, ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૦ પહેલાં નિયુક્ત તમામ શિક્ષકોને TET પરીક્ષામાંથી સંપૂર્ણ મુક્તિ આપવી. શિક્ષકોની સળંગ સેવા, વરિષ્ઠતા અને બઢતીના લાભોને કાનૂની રક્ષણ પૂરું પાડવું. જરૂર જણાય તો કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં કાયદાકીય સુધારો લાવી દેશભરના શિક્ષકો માટે સમાન માર્ગદર્શિકા જાહેર કરવી.

કલેક્ટર સુધી પહોંચવુ હોય તો પાણી ઉલેચવા

કલેક્ટર કચેરીના મુખ્ય ગેટની બહાર દર વર્ષની જેમ આ વર્ષે પણ પાણી ભરાયેલા છે, ફોર વ્હીલરમાં ફરતાં અધિકારીઓ કચેરીના દરવાજા પાસે ઉતરતા હોવાથી તેમને આ સમસ્યાથી કોઈ ફેર પડતો નથી. પરંતુ સામાન્ય જનતાને આ પાણી ઉલેચીને ગંદકીમાંથી પસાર થવાની મજબૂરી છે. કચેરીના ગેટ પાસે ખોદકામ કરવામાં આવ્યું હતું અને તેનું યોગ્ય રીતે પૂરણ કરવામાં ન આવતા અરજદારોની હાલાકીમાં વધારો થયો છે. આજે શિક્ષકો પોતાની ફરીયાદ લઈને પહોંચ્યા હતા, તે સમયે પણ તમામ શિક્ષકોએ આ ગંદકીયુક્ત પાણીથી બચી-બચીને પસાર થવાનો વખત આવ્યો હતો.

આણંદ જિલ્લામાં ચોમાસા ઋતુના બારણે ટકોરા

આણંદના શહેરી અને ગ્રામ્ય પંથકમાં વરસાદે દસ્તક આપતા સમગ્ર વિસ્તાર ખુશીથી ઝૂમી ઉઠ્યો છે. અસહ્ય ગરમી અને ઉકળાટથી ત્રસ્ત બનેલા પંથકવાસીઓ કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા હતા. ત્યારે ગુરુવારે સાંજના સમયે વાતાવરણમાં પલટો આવ્યો અને મેઘરાજાએ વરસવાનું શરૂ કરતાં લોકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.વરસાદના આગમન સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને ગરમીમાંથી મોટી રાહત મળી હતી. વરસાદના પગલે રસ્તાઓ, ખેતરો અને ખુલ્લા વિસ્તારોમાં હરિયાળીનું આગમન થવાની આશા વધુ મજબૂત બની છે. ખાસ કરીને ખેડૂતોમાં વરસાદને લઈને વિશેષ આનંદ જોવા મળ્યો હતો. ખેતીની તૈયારીઓ વચ્ચે સમયસર વરસાદ વરસતા ખેડૂતોએ તેને શુભ સંકેત ગણાવ્યો હતો. હાલ કૃષિ સિઝન માટે અનુકૂળ માહોલ સર્જાયો છે. આણંદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ થતાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. **(વધુ અહેવાલ પાના નં.12 પર)**

આણંદમાં ૧૧ પશુ ભરેલી ટ્રક પકડાઈ, એકની ધરપકડ

ગૌરક્ષકોની સતર્કતાથી ક્રૂરતાપૂર્વક થતી પશુઓની હેરાફેરીનો પર્દાફાશ

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૮

આણંદ રૂરલ પોલીસ મથકની હદમાં આવતી ચિખોદરા ચોકડી પાસેથી ગેરકાયદેસર અને ક્રૂરતાપૂર્વક પશુઓની હેરાફેરી કરવાનો મામલો સામે આવ્યો છે. ગૌરક્ષકોની સમયસૂચકતા અને પોલીસની કાર્યવાહીને કારણે ૧૧ પશુઓ અને ટ્રક મળી કુલ રૂપિયા ૧૨.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

વાસદ ખાતે ફરજ બજાવતા ગૌરક્ષક કીપાલસિંહ ઝાલા અને તેમના મિત્રો ચિખોદરા ચોકડી પાસે હાજર હતા, ત્યારે ગણેશ ચોકડી તરફથી આવતી શંકાસ્પદ ટ્રકને અટકાવવામાં આવી હતી. ટ્રક ચાલક આસિફ અબ્દુલભાઈ માંકનોજીયા (રહે. વાઘણા, જી. પાટણ)ની પૂછપરછ દરમિયાન શંકા દ્રઢ બની હતી. ટ્રકની તપાસ કરતા તેમાં ૮ થી ૧૦ વર્ષની વયના ૧૧ પશુઓને અત્યંત ખીચોખીચ હાલતમાં ટૂંકા દોરડાથી બાંધીને રાખવામાં આવ્યા હતા. પશુઓ માટે ઘાસચારો, પાણી કે બેસવા માટે રેતી જેવી કોઈ જ પાયાની વ્યવસ્થા નહોતી, તેમજ ચાલક પાસે પશુઓની માલિકીના કોઈ કાયદેસરના પુરાવા પણ મળ્યા નહોતા. આ ઘટનાની જાણ થતા આણંદ રૂરલ પોલીસ સ્ટાફે સ્થળ પર પહોંચી ૧૦ લાખની ટ્રક અને ૨.૨૦ લાખની કિંમતના પશુઓ કબજે કર્યા હતા. પોલીસે પકડાયેલા આસિફ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદમાં પ્રા. શિક્ષકોએ સુત્રોચાર સાથે ટેટ મુદ્દે ધરણા પ્રદર્શન કર્યું

આણંદ જિલ્લાના પ્રાથમિક શિક્ષકોએ સુપ્રીમ કોર્ટ દ્વારા સેવારત શિક્ષકોને ફરજિયાત ટેટ પરીક્ષા ઉતીર્ણ કરવાના આદેશ નિર્ણયના વિરોધમાં રાજ્ય તથા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ આણંદમાં ઉમાભવન ખાતે ૧૫૦૦ ઉપરાંતના પ્રા. શિક્ષકોએ ઉપસ્થિત રહી ભારે સુત્રોચાર સાથે ધરણા પ્રદર્શન કાર્યક્રમ યોજીને ટેટ પરીક્ષા પાસ કરવાના નિર્ણયનો સામૂહિક વિરોધ કરી કલેક્ટરાલય ને આવેદનપત્ર સુપ્રત કરી ન્યાયિક ઉકેલની માંગ કરી હતી. આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને રાજ્ય પ્રા શિક્ષક સંઘના સિનિયર ઉપપ્રમુખ વિક્રમસિંહ ગરાસિયાના નેતૃત્વમાં આણંદ શહેરના ઉમાભવન પાસે મોટી સંખ્યામાં પ્રા શિક્ષકોએ એકત્ર થઈ ટેટ મુદ્દે સરકારની નીતિરીતિનો ઉગ્ર વિરોધ કર્યો હતો. યોગ્ય ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં જલદ આંદોલન કરી ગાંધીનગરની ગાદી સુધી અવાજ પહોંચાડાશે તેવી ચીમકી ઉચ્ચાર વામાં આવી છે.

આણંદમાં જુગારના અડ્ડા પર દરોડો : પાંચ પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

આણંદ શહેરના સલાટીયા ફાટક પાસે આવેલી જૈનબ સોસાયટીના પાછળના ભાગે ખુલ્લા ખેતરમાં હાર-જીતનો જુગાર રમાતો હોવાની ખાનગી બાતમીના આધારે આણંદ ટાઉન પોલીસે સફળ દરોડો પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી પાંચ શખ્સોને પકડી પાડ્યાં હતાં.

આણંદ ટાઉન પોલીસનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન બાતમી મળી હતી કે કેટલાક લોકો પત્તા પાના વડે જુગાર રમી રહ્યા છે. પોલીસે તાત્કાલિક સ્થાનિક પંચોને સાથે રાખી, ખાનગી વાહનો દ્વારા બાતમીવાળી જગ્યાએ પહોંચી ચારેબાજુથી ઘેરાબંદી કરી રેડ પાડી હતી. આ કાર્યવાહીમાં પકડાયેલા શખસોની પૂછપરછ કરતાં વારિસસુબાશા અહેમદશા દિવાન (રહે. ઈસ્માઈલનગર), ઈકબાલમીયા ઉર્ફે બાલી અબ્દુલગની હાસમમીયા મલેક (રહે. એકતાનગર સોસાયટી), રમજાનખાન ઉર્ફે શાહરુખ ગુલાબખાન નાથુખાન પઠાણ (રહે. રોયલ પ્લાઝા), સાહીલમીયા મહેબુબમીયા હાસમમીયા મલેક (રહે. હિના પાર્ક સોસાયટી), રાજુભાઈ ઉર્ફે પીટર ફિરોજભાઈ યુસુફભાઈ વ્હોરા (રહે. ઈસ્માઈલનગર) હોવાનુ જણાવ્યું હતું.

આણંદ શહેર પોલીસે પકડાયેલા શખસોની અંગજડતીમાંથી રૂ. ૧૨,૭૮૦ તથા જુગારના દાવ પરથી વેરવિખેર પડેલી રોકડ રૂ. ૨,૮૬૦ મળી કુલ રૂપિયા ૧૫,૬૪૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે તમામ પાંચેય આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

માનવતા નેવે મુકાઈ | પ્રસુતા અને ઇમર્જન્સી દર્દી ૩ કલાક સુધી રામભરોસે

માતરમાં રાજાપાઠમાં આવેલા ડોક્ટરનું ડેપ્યુટેશન તાત્કાલિક રદ કરી દેવાયું !

મધરાતે ૧ વાગ્યે ફરજ પર આવેલા ડો. આશુતોષ સામે જિલ્લા આરોગ્ય અધિકારીએ પગલુ ભર્યું

(પ્રતિનિધિ) માતર તા. ૧૮

માતર ખાતે કરોડોના ખર્ચે નિર્મિત સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ગત રાત્રે ડોક્ટરની ઘોર બેદરકારીના કારણે ત્રણ માનવ જિંદગીઓ જોખમમાં મુકાઈ હતી. સરકાર દ્વારા જનતાની સુવિધા માટે ૪ કરોડથી વધુનો ખર્ચ કરીને અત્યાધુનિક હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે, પરંતુ ત્યાંના સ્ટાફની સંવેદનહીનતાને કારણે આ સુવિધા શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહી છે. એક તરફ પ્રસુતા પીડાથી તડપી રહી હતી અને બીજી તરફ ગંભીર હાલતમાં આવેલો યુવાન અર્ધબેભાન હતો, ત્યારે 'ભગવાન' ગણાતા ડોક્ટર મોજ-મસ્તીમાં હોવાનું સામે આવ્યું છે.

માતર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં બુધવારના રાત્રે ૯ વાગ્યાના સુમારે એક પ્રસુતા મહિલાને લઈને તેના સગાવ્હાલા આવી પહોંચ્યાં હતાં. આ સમયે હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટર ગેરહાજર હોવાથી પૂછપરછ કરતા જાણવા મળ્યું કે ડોક્ટર જમવા ગયા છે. અડધો કલાક રાહ જોયા બાદ પણ ડોક્ટર ન આવતા, જિગરસિંહ પરમાર નામના જાગૃત નાગરિકે ડોક્ટરને ફોન કર્યો, જેમાં ડોક્ટરે 'હમણાં આવું છું' કહીને ૧ કલાક વિતાવી દીધો હતો.

આ દરમિયાન હોસ્પિટલમાં એક અર્ધબેભાન વ્યક્તિને સારવાર માટે લાવવામાં આવ્યો હતો. દર્દીની હાલત નાજુક હોવાથી ફરીથી ડોક્ટરને ફોન કરીને પરિસ્થિતિની ગંભીરતા સમજાવવામાં આવી હતી, છતાં ડોક્ટર આશુતોષ ચાન્દ્રોલીયા રાત્રે ૧ વાગ્યા સુધી ડોકાયા નહોતા. આખરે મધરાતે ૧ વાગ્યે જ્યારે તેઓ આવ્યા, ત્યારે તેમની હાલત જોઈ દર્દીના સગા ચોંકી ઉઠ્યા હતા. હાજર લોકોના જણાવ્યા અનુસાર ડોક્ટર પોતે નશાની હાલતમાં હોય તેવું જણાઈ રહ્યું હતું. આ ઘટનાએ માતર પંથકની આરોગ્ય વ્યવસ્થાના ધાંધિયા ખુલ્લા પાડી દીધા છે.

ડોક્ટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરવાની માંગ

આ ગંભીર બેદરકારીની જાણ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીને થતા તેમણે તાત્કાલિક પગલાં લીધા છે. ડો. આશુતોષ ચાન્દ્રોલીયાનું માતર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતેનું ડેપ્યુટેશન તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવ્યું છે. જોકે, લોકોમાં હજુ પણ ભારે આક્રોશ છે અને આવા બેદરકાર ડોક્ટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરવાની માંગ ઉઠી રહી છે.

જંત્રાલની શાળામાંથી ૧૨ કોમ્પ્યુટર સેટ ચોરાયાં

વિદ્યાર્થીઓનો અભ્યાસ શરૂ થાય તે પહેલા જ રૂા. ૧.૨૦ લાખનો મુદ્દામાલ સાફ

(પ્રતિનિધિ) બોરસદ તા. ૧૮

બોરસદ તાલુકાના જંત્રાલ ગામે આવેલી રામનગર પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવી હતી. આ તસ્કરોએ કોમ્પ્યુટર લેબનું તાળું તોડી રૂ. ૧.૨૦ લાખની કિંમતના ૧૨ કોમ્પ્યુટર સેટ ચોરી કરી ફરાર થઈ ગયા છે.

જંત્રાલ ગામની રામનગર પ્રાથમિક શાળાના આચાર્ય ભરતકુમાર સુથારે વીરસદ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ અનુસાર, સરકારની સર્વ શિક્ષા યોજના અંતર્ગત ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વર્ષ 2024 માં ૧૫ કોમ્પ્યુટર સેટ ફાળવવામાં આવ્યા હતા. ગત ૧૬ જૂનના રોજ શાળાનો સમય પૂરો થતાં લેબને તાળું મારવામાં આવ્યું હતું. બીજા દિવસે સવારે જ્યારે ગણિત-વિજ્ઞાનના શિક્ષિકા શ્વેતાબેન ભટ્ટ લેબમાં ભણાવવા માટે ગયા, ત્યારે લેબના દરવાજાનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું.

આ અંગે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે લેબમાં રાખેલા ૧૫ સેટમાંથી માત્ર ૩ જ સેટ બચ્યા હતા, જ્યારે બાકીના ૧૨ સેટ ગાયબ હતા. અંદાજે પ્રત્યેક કોમ્પ્યુટરની રૂા. ૧૦,૦૦૦ કિંમત લેખે કુલ રૂા. ૧,૨૦,૦૦૦ની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. શાળા પ્રશાસને ઉચ્ચ અધિકારીઓને જાણ કર્યા બાદ વીરસદ પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ચારુસેટને લિબરલ આર્ટ્સ ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરનો એવોર્ડ એનાયત કરાયો

યુનિવર્સિટીના ૨૨ હજારથી વધુ વિદ્યાર્થીઓને વિદેશી ભાષાઓના જ્ઞાન સાથે 'સર્વાંગી વિકાસ' અપાય છે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

વિશ્વવિખ્યાત ચારુસેટ યુનિવર્સિટીએ નવી દિલ્હીના યશોભૂમિ ખાતે આયોજિત 'એજ્યુકેશન એક્સલન્સ એવોર્ડ્સ ૨૦૨૬'માં 'એક્સલન્સ ઈન લિબરલ આર્ટ્સ એન્ડ હ્યુમેનિટીઝ એજ્યુકેશન'નો એવોર્ડ જીતીને રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ ચારુસેટ દ્વારા લિબરલ આર્ટ્સ અને હ્યુમેનિટીઝ ક્ષેત્રે કરવામાં આવેલા વિશિષ્ટ શૈક્ષણિક પ્રયોગોની સત્તાવાર માન્યતા છે.

જ્યારે સમગ્ર વિશ્વ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પાછળ દોડી રહ્યું છે, ત્યારે ચારુસેટ તેના 'સ્ટુડન્ટ્સ હોલિસ્ટિક ડેવલપમેન્ટ મોડેલ' દ્વારા ટેકનોલોજી સાથે માનવીય મૂલ્યોના સુમેળ પર ભાર મૂકે છે. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ

ડો. અતુલ પટેલે જણાવ્યું હતું કે, આધુનિક યુગમાં શિક્ષણને માનવીય મૂલ્યો સાથે જોડી રાખવામાં લિબરલ આર્ટ્સની ભૂમિકા અત્યંત મહત્વની છે.

વર્ષ ૨૦૦૨માં એક નાના વિભાગથી શરૂ થયેલી આ સફર આજે ફેકલ્ટી ઓફ હ્યુમેનિટીઝ અને ચરોતર ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજિસ, આર્ટ્સ એન્ડ સોશિયલ સ્ટડીઝ સુધી વિસ્તરી છે. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રમુખ સુરેન્દ્ર પટેલે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

શિક્ષણ સાથે સંસ્કાર અને કૌશલ્યનો ત્રિવેણી સંગમ

વૈવિધ્યસભર કોર્સ: અત્યાર સુધીમાં ૧૫ જેટલા લિબરલ આર્ટ્સ કોર્સનો ૨૨,૦૫૮થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે, જેમાં પેઇન્ટિંગ, ફોટોગ્રાફીથી લઈને ડાન્સ અને સંગીતનો સમાવેશ થાય છે.

નવીન અભિગમ: વિદ્યાર્થીઓના સામાજિક વિકાસ માટે રામાયણ અને મહાભારતમાંથી જીવનપાઠ તથા આધ્યાત્મિકતા જેવા વિષયો ભણાવવામાં આવે છે.

વૈશ્વિક કનેક્ટિવિટી: ફ્રેન્ચ અને જર્મન જેવી વિદેશી ભાષાઓ બાદ હવે આગામી વર્ષથી ચાઇનીઝ અને જાપાનીઝ ભાષાના કોર્સ પણ શરૂ કરવામાં આવશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225